"દિવ્યાંગ વ્યક્તિઓ માટેના ગુજરાત રાજ્ય ફંડ" માંથી નાણાંકીય સહાય આપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ (Guideline) મુજબ ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૦૩૯૧૭/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૩૧/૦૫/૨૦૨૨.

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૩/૧૨/૨૦૧૯ના નોટિફિકેશન નં. જીએચ/એસએચ/૦૮/એપીજી/૧૦૨૦૧૭/૮૮૦૧૩/છ-૧

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૩/૦૪/૨૦૨૨નો પત્ર ક્રમાંક: સસુખા/અપગ/૨૦૨૨-૨૩/૪૩૫૧.

(૩) ગુજરાત સ્ટેટ ફંડ ફોર પર્સન્સ વીથ ડિસેબિલીટીઝની ગવર્નિંગ બોડીની તા.૨૯/૦૩/૨૦૨૨ના રોજ યોજાયેલ તૃતીય બેઠકની કાર્યવાહી નોંધ.

(૪) The Rights of Persons with Disabilities Act, 2016.

<u>આમુખ</u> :-

દિવ્યાંગોના અધિકારોના રક્ષણ તેમજ કલ્યાણ માટે ભારત સરકાર દ્વારા અમલી કરેલ The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ નં.૮૮ અંતર્ગત "દિવ્યાંગ વ્યક્તિઓ માટેના રાજ્ય ફંડ"ની રચના કરવાની જોગવાઇ કરેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના વિભાગના જાહેરનામાથી ગુજરાત સરકાર દ્વારા અમલી કરેલ "ગુજરાત અશક્ત વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯" ના નિયમ -૩૩ની જોગવાઇ મુજબ "દિવ્યાંગ વ્યક્તિઓ માટેના ગુજરાત રાજ્ય ફંડ"ની રચના કરવામાં આવેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓ માટેના ગુજરાત રાજ્ય ફંડના અસરકારક ઉપયોગ માટે માર્ગદર્શક સૂચનાઓ (Guideline) મુજબ ખર્ચ કરવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u> :-

"ગુજરાત અશક્ત વ્યક્તિઓના અધિકાર નિયમો, ૨૦૧૯"ના નિયમ-૩૪ની જોગવાઇને ધ્યાને લઇ તેમજ વંચાણે લીધેલ ક્રમાંક (૩)થી દિવ્યાંગ વ્યક્તિઓ માટેના રાજ્ય ફંડના ગવર્નિંગ બોડી (સંચાલક મંડળ)ની મંજૂરી તથા ક્રમાંક(૨)ના નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્તને ધ્યાને લઇ, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના રાજ્ય ફંડમાંથી નીચે દર્શાવેલ ચાર પ્રવૃત્તિઓ/

યોજનાઓ માટે પરિશિષ્ઠ "અ" માં સામેલ માર્ગદર્શક સૂચનાઓ Guideline) મુજબ ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

1) સુગમ્યતાના ધોરણોની તાલીમ અને પ્રચાર-પ્રસાર કરવા બાબત.
2) ચિત્રો, હસ્તકળા સહિત દિવ્યાંગતા ધરાવતા લોકો દ્વારા નિર્મિત ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર માટે પ્રદર્શનો અને કાર્યશાળાઓનું આયોજન માટે નાણાંકીય સહાય.
3) રમતગમત/ લલિત-કલા /સંગીત/નૃત્ય /ફિલ્મ /થિયેટર /સાહિત્ય વગેરે ક્ષેત્રોમાં ઝોન /જિલ્લા/ તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ સિધ્ધી મેળવી હોય તેવા નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિઓને જિલ્લા/રાજ્ય/રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા માટે સહાય કરવી.
4) દરેક કિસ્સાની જરૂરિયાત અને સંબધિત કચેરીની વિશેષ ભલામણો પર મૂલ્યાંકન બોર્ડની ભલામણ અનુસાર ઉચ્ચ સહાયતાની જરૂરિયાતવાળા વ્યક્તિઓને, તેમની કેટલીક વિશિષ્ટ જરૂરિયાતો માટે સહાય.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી તરફ જાણ સારુ.
- અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રીના અંગત સચિવ/મદદનીશશ્રી, સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીની કચેરી, વિંગ ડી-૧, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લાના કલેકટરશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, ૯મો માળ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨.

<u>પરિશિષ્ઠ "અ"</u>

# ગુજરાત સ્ટેટ ફંડ ફોર પર્સન્સ વીથ ડિસેબીલીટીઝમાંથી નાણાંકીય સહાય આપવા અંગેની માર્ગદર્શક સૂચનાઓ (Guideline)

## (૧) <u>સુગમ્યતાના ધોરણોની તાલીમ અને પ્રચાર પ્રસાર કરવા બાબત</u>

રાજ્યમાં દિવ્યાંગ વ્યક્તિઓની સુવિધા વધારવા માટે ભારત સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, નવી દિલ્હી દ્વારા એકસેસીબલ ઇન્ડિયા કેમ્પેઇન (સુગમ્ય ભારત અભિયાન) શરૂ કરવામાં આવેલ છે.

આ અભિયાન અંતર્ગત તમામ સરકારી કચેરીઓમાં, પંચાયત કચેરીઓ, મહાનગર પાલિકાની કચેરીઓ, સરકારી સિવિલ હોસ્પિટલો, તમામ શૈક્ષણિક સંસ્થાઓ (જેમ કે, સરકારી યુનિવર્સિટીઓ, શાળાઓ, કોલેજો), જિલ્લા સેવા સદનો, જિલ્લા ન્યાયાલયો, મામતલદાર કચેરીઓ, આઇ.ટી.આઇ., સર્કીટહાઉસ, વિગેરે ખાતે જ્યાં દિવ્યાંગ વ્યક્તિઓની વધારે અવર-જવર રહેતી હોય તે જગ્યાએ દિવ્યાંગ વ્યક્તિઓ સરળતાથી હલન-ચલન કરી શકે તેવી સુવિધા ઉભી કરવાની રહે છે.

ભારત સરકારના MINISTER OF URBAN DEVELOPMENT દ્વારા 'Harmonised Guidelines and Space Standards for Barrier-Free Built Environment for Persons with Disability and Elderly Persons' ગાઇડ લાઇન બહાર પાડવામાં આવેલ છે, જેની જોગવાઇઓ મુજબ જાહેર મકાનો સુગમ્ય બનાવવાના રહે છે. સુગમ્ય ભારત અભિયાનનો હેતુ કોઇપણ દિવ્યાંગ વ્યક્તિ સરકારી ઇમારતોમાં વિના અવરોધ પ્રવેશ કરી શકે તથા દિવ્યાંગ વ્યક્તિ તમામ સુવિધાઓનો ઉપયોગ કોઇ ભૌતિક અંતરાય વિના કરી શકે તેમા પ્રવેશ દ્વાર, રેમ્પ, આપાતકાલીન દ્વાર, પાર્કીંગનું બાંધકામ સુગમ્ય હોવું તથા આંતરિક સુવિધાઓ જેવી કે, લીફટની વ્યવસ્થા, પૂરતી લાઇટીંગ વ્યવસ્થા, સંકેતો, એલાર્મ સીસ્ટમ અને ટોયલેટને સુગમ્ય બનાવવાનો સમાવેશ થાય છે.

સ્કુલ, કોલેજ અને બીજી શૈક્ષણિક અને તાલીમ સંસ્થાઓ, જાહેર ઓફિસો, દવાખાના અને હોસ્પિટલમાં દિવ્યાંગોને સરળ અને સુવિધાપુર્ણ વાતાવરણ મળી શકે તે માટે માર્ગ અને મકાન વિભાગની સાથે સાથે જે વિભાગોના પોતાના બાંધકામ યુનિટો છે તે વિભાગોએ પણ કાર્યવાહી કરવાની થાય છે, ઉકત વિગતે બાંધકામ યુનિટ ધરાવતા બંદરો અને વાહન વ્યવહાર વિભાગના ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને મેરીટાઇમ બોર્ડ, શિક્ષણ વિભાગના સર્વ શિક્ષા અભિયાનની કચેરી, માધ્યમિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની કચેરી, આદીજાતી વિકાસ વિભાગના ગુજરાત ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, ગૃહ વિભાગના પોલિસ હાઉસિંગ કોર્પોરેશન, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના પ્રોજેકટ ઇમ્પલિમેન્ટેશન યુનિટ (હેલ્થ), શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહા નગરપાલિકા અને નગરપાલિકાના બાંધકામ યુનિટ, વન અને પર્યાવરણ

વિભાગના બાંધકામના યુનિટ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના બાંધકામના યુનિટ, ઉધોગ અને ખાણ ખનીજ વિભાગના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને ગુજરાત પ્રવાસન બોર્ડ, નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના બાંધકામના યુનિટ, મહિલા અને બાળ વિકાસ વિભાગના આઇ.સી.ડી.એસ, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પશુપાલન નિયામકશ્રીની કચેરી અને ગુજરાત રાજય વેરહાઉસીંગ કોર્પોરેશન, અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગના ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમીટેડ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના બાંધકામના યુનિટ વગેરે બાંધકામ યુનિટો છે.

માર્ગ અને મકાન વિભાગ સાથે સાથે ઉપરોક્ત વિભાગોએ પણ તેમના હસ્તકના જાહેર મકાનો સુગમ્ય બનાવવા ભારત સરકારના MINISTER OF URBAN DEVELOPMENT દ્વારા 'Harmonised Guidelines and Space Standards for Barrier-Free Built Environment for persons with Disability and Elderly Persons' ગાઇડ લાઇન હેઠળ સબંધિત ઇજનેરશ્રીઓને સુગમ્યતા અંગેની તાલીમ અને પ્રચાર પ્રસાર કરવા નાણાકીય સહાય પુરી પાડવામાં આવશે.

- નાણાકીય સહાયનું પ્રમાણ-નાણાકીય સહાય નીચેની બાબતો અંગે અપાશે.

(એ) તાલીમ અને પ્રચાર પ્રસાર અંગેના અંદાજો સબંધિત વિભાગોના બાંધકામના યુનિટો નિયામક, સમાજ સુરક્ષાને રજુ કરશે.

(બી) રાજય દિવ્યાંગ ફંડની ગવર્નિંગ બોડીની મંજુરી મળતાં ૫૦% અનુદાન અગ્રિમ ધોરણે મુક્ત કરવામાં આવશે અને બાકીના ૫૦% અનુદાન કાર્યક્રમ પૂરો થયા પછી અને ઉપયોગિતા પ્રમાણપત્ર અને કાર્યક્રમના અહેવાલ મેળવ્યા બાદ મુક્ત કરાશે.

(સી) તાલીમ અને પ્રચાર પ્રસાર અંગેનો ખર્ચ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો હેઠળ કરવાનો રહેશે.

## (૨) <u>ચિત્રો, હસ્તકળા સહિત દિવ્યાંગતા ધરાવતાં લોકો દ્વારા નિર્મિત ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર માટે પ્રદર્શનો અને કાર્યશાળાઓનું આયોજન.</u>

કમિશ્નર કુટીર અને ગ્રામધોગ હસ્તકના ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી., ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન, ગુજરાત રાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ, ગુજરાત ગ્રામોદ્યોગ બજાર નિગમ (ગ્રીમકો), ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ (ઇન્ડેક્ષ-સી) દ્વારા ચિત્રો, હસ્તકળા સહિત દિવ્યાંગતા ધરાવતાં લોકો (અહીં "નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવતાં લોકો" નો અર્થ દિવ્યાંગતા ધરાવતા લોકોના અધિકારો અંગેનો અધિનિયમ, ૨૦૧૬માં વ્યાખ્યાયિત કર્યા મુજબનો છે) દ્વારા નિર્મિત ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર માટે તાલુકા/ જિલ્લા/ રાજ્ય સ્તરે પ્રદર્શનોના આયોજન માટેની કાર્યશાળાઓ યોજવા માટે નાણાકીય સહાય કરવી.

● નાણાકીય સહાયનું પ્રમાણ -નાણાકીય સહાય નીચેની બાબતો અંગે અપાશે.

(એ) ચિત્રો, હસ્તકળા સહિત દિવ્યાંગતા ધરાવતાં લોકો દ્વારા ઉત્પાદિત અથવા તૈયાર કરેલા ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર માટે તાલુકા/જિલ્લા/રાજ્ય સ્તરે પ્રદર્શનોના આયોજન માટેની કાર્યશાળાઓ અંગેના અંદાજો સબંધિત કચેરીઓ નિયામક, સમાજ સુરક્ષાને રજુ કરશે.

(બી) રાજય દિવ્યાંગ ફંડની ગવર્નિંગ બોડીની મંજુરી મળતાં ૫૦% અનુદાન અગ્રિમ ધોરણે મુક્ત કરવામાં આવશે અને બાકીના ૫૦% અનુદાન કાર્યક્રમ પૂરો થયા પછી, ઉપયોગિતા પ્રમાણપત્ર તથા કાર્યક્રમના અહેવાલ રજુ કર્યા બાદ મુક્ત કરાશે

(સી) સબંધિત કચેરીઓ દ્વારા કરવામાં આવતા પ્રદર્શનો અને કાર્યશાળાઓમાં જો આયોજનમાં ૨૫% આયોજન દિવ્યાંગજનો માટે હોય તો આયોજન ખર્ચના કુલ રકમના ૨૫% રકમ મળવાપાત્ર રહેશે.

## (3) <u>રમત-ગમત / લલિત કલા / સંગીત / નૃત્ય / ફિલ્મ / થિયેટર / સાહિત્ય વગેરે ક્ષેત્રોમાં ઝોન/જિલ્લા/તાલુકા કક્ષાએ ઉત્કૃષ્ટ સિધ્ધી મેળવી હોય તેવા નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિઓને જિલ્લા/રાજય / રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેવા માટે સહાય કરવા માટે સહાય કરવી.</u>

<u>હેતુ</u> - નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવનાર (અહીં "દિવ્યાંગતા ધરાવતાં લોકો" નો અર્થ દિવ્યાંગતા ધરાવતા લોકોના અધિકારો અંગેનો અધિનિયમ, ૨૦૧૬માં વ્યાખ્યાયિત કર્યા મુજબનો છે) વ્યક્તિઓને નાણાકીય સહાય પૂરી પાડવી :-

(એ) જેમણે ઝોન/ તાલુકા/જિલ્લા કક્ષાએ રમતોમાં ચંદ્રકો જીત્યા હોય અથવા દિવ્યાંગતા ધરાવતા કોઈ પણ કલાકાર જેઓને ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગની સૂચનાઓ મુજબ રાજય સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ અથવા આશાસ્પદ ગણવામાં આવ્યા હોય.

(બી) માન્યતા આપતી કે પ્રમાણિત કરેલ કોઈ સંસ્થામાંથી જેમણે પર્ફોર્મીંગ આર્ટ્સમાં ઉચ્ચતમ કક્ષા પ્રાપ્ત કરી હોય અથવા રાજય અને રાષ્ટ્રીય રમતોમાં ભાગ લેવા માટે ઝોન/તાલુકા સ્તરે ભાગ લીધો હોય અને પ્રથમ, દ્વિતિય અને તૃતિય આવ્યા હોય.

<u>યોગ્યતા</u> :-

(એ) નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવતાં (૪૦% કે તેથી વધારે) વ્યક્તિ જેમણે કોઈ રમત સ્પર્ધામાં ચંદ્રક જીત્યો હોય અથવા કોઈ કલાકારને રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઉત્કૃષ્ટ અથવા આશાસ્પદ ગણવામાં આવ્યા હોય.

(બી) દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને આ ભંડોળમાંથી રાજયકક્ષાએ પ્રથમ, દ્વિતિય અને તૃતિય આવ્યા બાદ રાષ્ટ્રીયકક્ષાએ જવા માટે સમાન પ્રકારના પ્રસંગ માટે સહાય મળી શકશે.

(સી) રાજય દિવ્યાંગ ફંડની ગવર્નિંગ બોડી ખાસ કિસ્સામાં અન્ય સંજોગો વિચારણામાં લઇ અન્ય કોઇ હરીફાઇઓ, આયોજનો, સ્પર્ધાઓ માટે દિવ્યાંગ વ્યક્તિને પ્રોત્સાહિત કરવા મંજુરી આપી શકશે.

- નાણાકીય સહાયનું પ્રમાણ - નાણાકીય સહાયમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(એ) જિલ્લા સ્પર્ધાઓમાં, જે કિસ્સામાં દિવ્યાંગ અરજદાર, એકલા મુસાફરી કરવામાં અક્ષમ હોય ત્યાં એક સાથીદાર સાથે (જ્યાં લાગુ પડતું હોય ત્યાં ) તેને/તેણીને GSRTCની તમામ બસો અને ફસ્ટ, સેકન્ડ અને થર્ડ એ.સી ટ્રેનમાં (ટૂંકામાં ટૂંકા રૂટનું) આવવા જવાનું ભાડું અને વ્યક્તિ દીઠ (ગુજરાત રાજ્ય માટે) રૂ. ૧૨૦૦/- પ્રતિદીન માટે લોજીંગ અને બોર્ડીંગ માટે.

(બી) રાજય/રાષ્ટ્રીય સ્પર્ધાઓના કિસ્સામાં, ફસ્ટ, સેકન્ડ અને થર્ડ એ.સી કલાસનું (ટૂંકામાં ટૂંકા રૂટનું) આવવા જવાનું ભાડું અને સમગ્ર પ્રસંગ માટે (ગુજરાત રાજ્ય બહાર) પ્રતિ દિન રૂ. ૨૫૦૦/- રહેશે.

- <u>કેવી રીતે અરજી કરવી</u> -નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવતાં લાયક વ્યક્તિએ તેમની દરખાસ્ત આ માર્ગદર્શક સૂચનાઓ સાથેના જોડાણ-૧ માં દર્શાવેલા નમૂના મુજબ નિયામક સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ભોંયતળીયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગરને સ્થાનિક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ભલામણ સાથે મોકલવાની રહેશે.

- દરખાસ્ત રજૂ કરતાં સમયે, નીચે મુજબના દસ્તાવેજો પૂરા પાડવાના રહેશે.

(એ) દિવ્યાંગતાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

(બી) આધાર નંબર અથવા આધાર એનરોલમેન્ટ નંબર (જો આધાર કાર્ડ હજુ સુધી મેળવેલ ન હોય તો)

(સી) રાજ્ય સ્તરે/રાષ્ટ્રીય કક્ષાએ ચંદ્રક જીત્યા અંગેનું પ્રમાણપત્ર અથવા લલિત કલા/ ચિત્રકામ / સંગીત ક્ષેત્રે મેળવેલ સિધ્ધી બાબતે પ્રમાણપત્ર.

(ડી) જિલ્લા, રાજય/રાષ્ટ્રીય સ્પર્ધાના આયોજકોનું આમંત્રણ પત્ર

(ઇ) બેંકની વિગતો, કેન્સલ ચેક અથવા પાસબુકના પ્રથમ પાનાની વંચાય તેવી નકલ.

## (૪) <u>દરેક કિસ્સાની જરૂરિયાત અને સબંધિત કચેરીની વિશેષ ભલામણો પર મૂલ્યાંકન બોર્ડની ભલામણ અનુસાર ઉચ્ચ સહાયતાની જરૂરિયાતવાળા વ્યક્તિઓને, તેમની કેટલીક વિશિષ્ટ જરૂરિયાતો માટે સહાય.</u>

હેતુ - નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવતાં વિશેષ સહાયતાની જરૂરિયાતવાળા લોકોની કેટલીક વિશિષ્ટ જરૂરિયાતો માટે મૂલ્યાંકન બોર્ડની ભલામણ અનુસાર નાણાકીય સહાય કરવી.

યોગ્યતા - વિશિષ્ટ જરૂરિયાતોવાળા, નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવતાં લોકો જેમની આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગના મુલ્યાંકન બોર્ડે ભલામણ કરી હોય અને તેમણે સબંધિત કચેરીઓ સંપર્ક કર્યો હોય પરંતુ સબંધિત કચેરી પોતાના ભંડોળમાંથી સહાય કરી શકી ન હોય અને તેવા અરજદારોને આ ભંડોળમાંથી સહાયની વિચારણા કરવા ભલામણ કરી હોય.

દિવ્યાંગતા ધરાવતાં વ્યક્તિના પરિવારની વાર્ષિક આવક રૂ. ૩ લાખ અથવા રાજ્ય દિવ્યાંગ ફંડની ગવર્નિંગ બોડી નક્કી કરે તેનાથી વધારે હોવી જોઈએ નહીં.

- નાણાકીય સહાયનું પ્રમાણ – સહાયમાં નીચેની બાબતોનો સમાવેશ થશે.

(એ) નાણાકીય સહાય રોજીંદા જીવનની પ્રવૃત્તિઓ સરળ બનાવવા માટે જરૂરી વિશેષપણેબનાવવામાં આવેલા હલન-ચલન માટેના સાધનની વાસ્તવિક કિંમત અથવા રૂ. એક લાખ બેમાંથી જે ઓછું હોય તેની મર્યાદામાં હશે.

- કેવી રીતે અરજી કરવી -

નોંધપાત્ર દિવ્યાંગતા ધરાવતાં, ઉચ્ચ સહાયની જરૂરિયાતવાળા લાયક વ્યક્તિ, જેમનું રાજ્ય મુલ્યાંકન બોર્ડે મુલ્યાંકન કરેલ છે તેમની દરખાસ્ત આ માર્ગદર્શક સૂચનાઓ સાથેના જોડાણ II માં દર્શાવેલા નમૂના મુજબ નિયામક, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ભોંયતળીયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગરને સ્થાનિક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ભલામણ સાથે મોકલવાની રહેશે.

- દરખાસ્ત રજૂ કરતાં સમયે નીચે મુજબના દસ્તાવેજો પૂરા પાડવાના રહેશે.

(એ) દિવ્યાંગતાના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ

(બી) આધાર નંબર અથવા આધાર એનરોલમેન્ટ નંબર (જો આધાર કાર્ડ હજુ સુધી મેળવેલ ન હોય તો)

(સી) મૂલ્યાંકન બોર્ડની ભલામણની નકલ

(ડી) સ્થાનિક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ભલામણ

(ઇ) શરૂઆતમાં દરખાસ્ત જે કચેરીને મોકલવામાં આવી હતી અને સબંધિત કચેરી માટે આબાબતે કોઈ સહાય કરવાનું શક્ય ન હતું, તેની જાણ કરતું સબંધિત કચેરીનું પ્રમાણપત્ર. વધુમાં, સદરહુ સહાયની સ્પષ્ટ જરૂરિયાતની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ભલામણની નકલ

# જોડાણ -I

૧. અરજદારનું પુરૂ નામ : ______________________

૨. પિતા / પતિનું પુરૂ નામ : ______________________

૩. અરજદારનું સરનામું : ______________________

૪. ટેલીફોન / મોબાઈલ નંબર: ______________________

૫. ઇ-મેઇલ આઈડી : ______________________

૬. જન્મ તારીખ : ______________________ લિંગ : ______________________

૭. દિવ્યાંગતાનો પ્રકાર : ______________________ દિવ્યાંગતાની ટકાવારી: ______________

૮. આધાર નંબર/આધાર એનરોલમેન્ટ નં.: ______________________

૯. પરિવારની વાર્ષિક આવક : ______________________(દાખલો જોડવો)

૧૦. દિવ્યાંગતા પ્રમાણપત્રની વિગત :

(i) નોંધણી ક્રમાંક : ______________________

(ii) ઇસ્યુ થયાની તારીખ : ______________________

(iii) ઇસ્યુ કરનાર ઓથોરીટી : ______________________

૧૧. નાણાકીય સહાય મેળવવા માટેનો હેતુ : ______________________

______________________________________________

૧૨. સ્પર્ધા/પ્રસંગની તારીખ અને સમયગાળો : ______________________

૧૩. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અથવા અન્ય કોઈ પ્રમાણિત સંસ્થા દ્વારા તેની કક્ષા નક્કી કરવામાં આવી છે કે કેમ :

______________________

૧૪. રમત-ગમત અથવા અન્ય ક્ષેત્રોમાં મેળવેલ સિધ્ધિઓ ચંદ્રક વિગેરે:

______________________________________________

૧૫. રહેઠાણની વ્યવસ્થા આયોજક સંસ્થાએ કરી છે. હા/ના:- ______________

૧૬. તે માટે ભાડું ચુકવવાનું છે? હા/ના: ______________ હા તો રકમ રૂ. ______________

૧૭. સાથે જોડવાના દસ્તાવેજોની યાદી

(i) દિવ્યાંગતાનું પ્રમાણપત્ર

(ii) આવક પ્રમાણપત્ર

(iii) PAN નંબર, જો હોય તો

(iv) આધાર કાર્ડ /એનરોલમેન્ટ રસીદ

(v) રમત-ગમતમાં મેળવેલ પ્રમાણપત્ર / ચંદ્રક અથવા લલિત કલા/ પરફોર્મિંગ આર્ટસનાં કિસ્સામાં સ્નાતક કક્ષાનું પ્રમાણપત્ર

(vi) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ભલામણ

(vii) પ્રવાસ ક્યાંથી: ______ થી ______ સુધી પ્રવાસ કરવાનો છે. તેનું પ્રવાસનું ભાડું રૂ. ______ આવવાનું ભાડું : ______
(વંચાય તેવી ટીકીટોની નકલ)

(viii) બેંકની વિગતો : બેંકનું નામ: ______
બેંક ખાતા નં : ______
બ્રાન્ચનું નામ: ______
IFSC Code No. : ______

(અરજદારની સહી)

જોડાણ - II

૧. અરજદારનું પુરૂ નામ : ______________________________

૨. પિતા / પતિનું પુરૂ નામ નામ : ______________________________

૩. અરજદારનું સરનામું : ______________________________

૪. ટેલીફોન / મોબાઈલ નંબર: ____________________

ઇ-મેઇલ આઈડી ____________________

૫. જન્મ તારીખ : ____________________ લિંગ : ____________________

૬. દિવ્યાંગતાનો પ્રકાર : ____________________ દિવ્યાંગતાની ટકાવારી: __________

૭. આધાર નંબર : __________ આધાર એનરોલમેન્ટ રસીદનો નંબર______________

૮. વાર્ષિક આવક : ______________________________

૯. દિવ્યાંગતા પ્રમાણપત્રની વિગત :

(i) નોંધણી ક્રમાંક : ______________________________

(ii) ઇસ્યુ થયાની તારીખ : ______________________________

(iii) ઇસ્યુ કરનાર ઓથોરીટી : ______________________________

૧૧. નાણાકીય સહાયનો હેતુ અને પ્રમાણ (રોજીંદા જીવનમાં પ્રવૃતિઓ સરળ કરવા, વિશેષપણે બનાવવામાં આવેલ હલન-ચલનનાં સાધનની વિગત : ____________________

૧૨. સબંધિત કચેરીની ભલામણો (નકલ બીડી) : ______________________________

૧૩. જોડવાના દસ્તાવેજોની યાદી :-

(એ) દિવ્યાંગતા પ્રમાણપત્ર

(બી) મૂલ્યાંકન બોર્ડની ભલામણ

(સી) આવક પ્રમાણપત્ર

(ડી) PAN નંબર, જો હોય તો

(ઇ) આધાર / આધાર એનરોલમેન્ટ રસીદ

(એફ) જરૂરી સાધન / સેવાની કિંમત અંગેનાં ભાવપત્રક

(જી) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની ભલામણ

(એચ)બેંકની વિગતો : બેકનું નામ: ______________

બેંક ખાતા નં : __________

બ્રાન્ચનું નામ : __________ IFSC Code No. : __________

(અરજદારની સહી)